

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*કર્યાં'તા જોશીલાં ભાષણ હવે ગાંધી વાણીમાં પેઠા,*
*બોલ્યા બળદ બદલાની ભાષા હવે ઘાણીમાં પેઠા!*
*નાણીને બેઠા છે 'એ' રાજકીય હારજીતના પાસા -*
*ઉઠ્યાં'તા ઉશ્કેરાટનાં વાદળ હવે 'પાણી'માં પેઠા!!*
*('પાણી બંધ' ગાંધી સિદ્ધાંતથી આતંકનો સામનો!!)*

### હાઈકુ

*વિશ્વ સંમત -*
*આતંક ડોકે, ઘંટ -*
*બાંધશે કોણ ?!*

*પંખી નો શોર ?*
*મસૂદ બિલ્લી જોઈ -*
*છે કાગારોળ...*

### ચિંતન

*જીવતો યસ્ય કૈવલ્યં વિદેહે સચ કેવલ: ।*
*યત્કિન્ચત્ પશ્યતો ભેદં ભયં બ્રુતે યજુ: શ્રુતિ: ॥*

ઉપરોક્ત શ્લોક યજુર્વેદમાંથી લેવામાં આવેલ છે.

જીવનકાળમાં જ જેને કૈવલ્ય 'મુક્ત' મળી હોય તે દેહ છોડ્યા પછી મુક્ત જ છે. એથી ઊલ્ટું ક્યાંક પણ કશોયે ભેદ જોનારને ભય થાય છે. એમ યજુર્વેદ કહે છે.

જેને દરેક બાબતમાં મોહ-માયા, મારું-તારુંના ભેદ દેખાય છે એ સંકુચિત અને અજ્ઞાની વ્યક્તિ સંસારી બંધનોથી કદી પણ મુક્ત થઈ શકતી નથી.

પરંતુ જેને જીવ અને આત્માનો ભેદ જીવનકાળમાં જ સમજાઈ જાય છે એ વ્યક્તિ સંસારમાં રહેવા છતાં પણ મુક્ત જ છે. જીવંત હોય કે મૃત્યુ પછી પણ 'મોક્ષ' પામેલ જ છે.

### સુવિચાર

- ખ્વાહિશોં ને શિખાયા કિ મચલના કૈસે હૈ...
  ઔર હકીકતને ચુપ રહકર જીના સિખાય દિયા... - **અફઝલ 'માસૂમ'**
- આવતીકાલે મિજબાની માણવી હોય તો આજે ભૂખ સહન કરો - **લેનિન**
- અજાયબી એ છે કે દરેક ગરીબ અમીરોથી નફરત કરે છે
  પરંતુ એ જ ગરીબ અમીર બનવાની ઈચ્છા તો રાખે જ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- એક એરીસ્ટોટલ હજારો સિકંદર બનાવી શકશે !!
  પરંતુ હજાર સિકંદરો એક એરિસ્ટોટલ બનાવી નહીં શકે - **સિકંદર**
- 'અશક્ય' શબ્દ મૂર્ખાઓ ગળાના તાવીજમાં જ રાખે છે - **સંત ડેરિક**
- બુદ્ધિમાન વ્યક્તિ બેવકૂફોની સંગતમાં બેવકૂફ બની જાય છે - **અરબી કહેવત**
- આજનું ઔષધ : ગવારના પાનનો રસ ખંજવાળ વાળી જગ્યાએ લગાડવાથી ખંજવાળ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શહેરમાં એક દુકાન નવી ખુલી જેમાં લખ્યું હતું, 'પતિ વેચાતા મળશે.' દુકાનના દરવાજા પર શરતો લખી હતી. શરતોમાં એવું દર્શાવવામાં આવેલું કે કોઈ પણ સ્ત્રી ફક્ત એક જ વાર દુકાનમાં પ્રવેશી શકશે, દુકાનમાં ૫ માળ છે અને દરેક માળે પતિની વિશિષ્ટતા વિશે વર્ધન કરેલું છે. ખરીદનાર સ્ત્રી કોઈ પણ માળેથી પતિ ખરીદી શકે છે. પણ એકવાર જે માળથી ઉપર ગયા તો પાછું નીચે જઈ શકાય નહીં. એક સ્ત્રી પતિની શોધ કરવા દાખળ થઈ. પહેલા માળે લખ્યું હતું 'આ માળ પરના પતિ સારા નોકરી વાળા અને પ્રામાણિક છે.' સ્ત્રી બીજેમાળે આગળ વધી. ત્યાં લખ્યું હતું. આ 'માળ પરના પતિ સારી નોકરીવાળા, પ્રામાણિક અને બાળકોને પસંદ કરવાવાળા છે.' સ્ત્રી ત્રીજે માળે આગળ વધી. ત્યાં લખ્યું હતું, 'આ માળ પરના પતિ સારું કમાતા, પ્રામાણિક છે, બાળકોને પસંદ પણ કરે છે અને ઘરના કામમાં પણ મદદ કરવાવાળા છે.' સ્ત્રી હજી સારા પતિની શોધમાં ચોથા માળે ગઈ, ત્યાં લખ્યું હતું.' આ માળના પતિ સારું કમાતા, પ્રામાણિક,હેન્ડસમ, ઘરના કામોમાં મદદરુપ થતા અને પત્નીને પ્રેમ કરવાવાલા છે. હવે સ્ત્રી વિચારમાં પડી ગઈ કે આનાથી વધુ સારા પતિ વળી કેવાક હોઈ શકે? પણ દિલ ના માન્યું અને તે પાંચમા માળે ગઈ. પાંચમા માળે લખ્યું હતું. 'આ માળ પર આવવા વાળી આપ ૫૯૯મી વ્યક્તિ છો. આ માળે કોઈ પતિ નથી, આ માળ ફક્ત એટલે રાખ્યો છે કે એવું સાબિત થઈ શકે કે માણસને સંપૂર્ણ સંતોષ આપવો અશક્ય છે, અમારા સ્ટોર પર આવવા માટે ધન્યવાદ, આગળ સીડીથી ઊતરીને બહાર જઈ શકાય છે.' આપણા સમાજના દરેક વર્ગે આ સમજવા જેવી વાત છે પરણવાલાયક છોકરા કે છોકરીની ઉંમર 'હજી વધુ સારું' કરતા કરતા વિતી જાય છે.

# માતૃભાષા ગૌરવના ખરા હકદારનું પોંખણું

**તંત્રીસ્થાનેથી...**

પાટનગર ગાંધીનગરમાં જયારે ગિરા ગૂર્જરીને વિશ્વગૂર્જરી બનાવવાનો સંકલ્પ લેનાર નારાયણ દેસાઈ સાહિત્ય પરિષદના અધિવેશનના અધ્યક્ષપદેથી દૂંટીની વાત કરી રહ્યા હતા ત્યારે કદાચ એમને કલ્પના પણ નહીં હોય કે વર્ષો પછી એ જ પાટનગરમાં માતૃભાષા ગૌરવની અહાલેક જગાડનારા નીવડેલા ભાષાપ્રેમીઓ એ માટેનું પ્રતિષ્ઠાન રચી માતૃભાષાની સેવામાં જીવન સમર્પિત કરી દેનારા ઉમાકાન્ત રાજયગુરુ જેવા ઋષિતુલ્ય સાક્ષરનું સન્માન પણ યોજાશે. ગાંધીનગર એની આવી ઑફ બીટ ઍક્ટિવીટીને કારણે માત્ર રાજકીય પાટનગર ન રહેતાં ગુજરાતનું સાંસ્કૃતિક પાટનગર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ગાંધીનગર કયારેક સરકારી કર્મચારીઓની વસાહત માત્ર હતું. પરંતુ હવે, આટલી લાંબી મઝલ પછી ગાંધીનગર માત્ર વસાહત નહીં રહેતાં વિવિધરંગી પાટનગરની ઓળખ પામી ચૂક્યું છે. અલબત્ત, બહારના લોકો માટે એ પાટનગર કે રાજધાની જ હશે, પરંતુ બહારથી સરકારી કામકાજ સિવાય પણ ગાંધીનગરમાં કેટલા બધા લોકોની અવરજવર રહે છે! હવે એ ગુજરાતના સર્વોત્તમ એજયુકેશન હબ તરીકેની નવી ઓળખ પામ્યું છે... અહીં પ્રમુખ સ્વામીની નિશ્રામાં સાકાર થયેલ અક્ષરધામ છે જેની મુલાકાતે આવનાર પ્રવાસીઓ કે શ્રદ્ધાળુઓને ગાંધીનગરના રાજકીય સ્વરુપ સાથે કશી લેવાદેવા નથી. ગુજરાતી ભાષા અંગેની ચિંતા કરવાનું બહુ ઓછા ગુજરાતીઓને સૂઝે છે ત્યારે અહીંની ચિલ્ડ્રન યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ હર્ષદ પ્ર. શાહે ગુજરાત સાહિત્ય અકાદમીના પૂર્વ અધ્યક્ષ અને સંભ્રાન્ત સર્જક ભાગ્યેશ જહા જેવા કર્મઠ ભાષાવિદ્ સાથે મળી માતૃભાષા ગૌરવની અલગારી પ્રવૃત્તિ આદરી છે. પ્રતિષ્ઠાન ગુજરાતી ભાષાને સજ્જ અને સંવર્ધિત જોવા માગે છે. એ દિશામાં વિવિધ સ્થળોએ એકમો ઊભાં કરે છે અને કાર્યશાળાઓ યોજી નક્કર કામગીરીને અંજામ આપે છે. જોડણઈ શુદ્ધિનો આગ્રહ રાખનારા પ્રતિષ્ઠાનનો જોડણીવીર ઉમાકાન્ત રાજયગુરુ જેવા અઠંગ શિક્ષકના જ્ઞાન અને તપનો લાભ મળતો રહ્યો છે, જેને લીધે વિવિધ નાનાં નગરોમાં પ્રતિષ્ઠાન - પ્રવૃત્તિ વેગવંતી બની છે. પ્રતિષ્ઠાનના કર્ણધારોનો ઉત્સાહ તો જુઓ ! એમણે ભાષા ગૌરવ વધારનારા શિક્ષક તરીકે ઉમાકાન્તભાઈનું જાહેર સન્માન યોજીને એક કરવાજોગું કામ કર્યું છે. વિનમ્ર ઉમાકાન્તભાઈના માતૃભાષા સ્વાધ્યાયને સલામ કરવાનું મન થાય છે. એમણે જે રીતે જોડણીના નિયમોને સીદી સાદી કવિતામાં વણીને ઉપલબ્ધ કરાવ્યા છે તે આપણા ભાષા શિક્ષકોને હાથવગા રહે એવી અપેક્ષા અસ્થાને નથી. જયારે ગુજરાતી ભાષાના ભવિષ્ય વિશે મહારથી લેખકો સુધ્ધાં શંકાશીલ બન્યા હોય ત્યારે એક ખૂણે બેઠેલા શિક્ષકને એના વિશુદ્ધ સ્વરુપની ખેવના રહે અને વળી એવી ખેવના સેવનાર શિક્ષકને પ્રતિષ્ઠાન પાટનગરમાં મેળાવડો યોજીને પોંખે એ ખરે જ આ પંચમકાળની સંતર્પક ઘટના ગણાશે.

# દ્વાદશ જયોતિર્લિંગ સમારોહ



## અજવાળું - અજવાળું

તુષાર જોશી

"શિવમહિમ્ન્ સ્તોત્ર, શિવ તાંડવ, શિવ પંચાક્ષર જેવા સ્તોત્ર નિયમિત રીતે સાંભળ્યા હોય પરંતુ એની પાછળ રહેલી કથાની જાણકારી તો આજે જ મળી.''

'શિવ તત્ત્વ અને એની સાથે રહેલા ડમરું, ત્રિશૂળ, નિલકંઠ સ્વરુપ, સર્પ, ભસ્મ, બિલ્વ પત્ર વગેરે સાથે જોડાયેલા સંદર્ભો અને વર્તમાન સમયમાં ભક્તો માટે તેના અર્થો કેટલા બધા અર્થ પૂર્ણ છે!'

આવા ભક્તિભાવ પૂર્ણ વાક્યો દર્શને આવતા ભક્તજનો સહજ પણે બોલ્યા અને સંભળાયા, અરબી ચમુદ્રને કાંઠેથી સમુદ્રના મોજાઓનું નિરીક્ષણ કરીએ તો એ મોજાઓ પર કયાંય સ્વયં સોમનાથ ભગવાન નટરાજ રૂપે દર્શન હોય એવું લાગે.

અવસર હતો દ્વાદશ જયોતિર્લિંગમાં પ્રથમ શ્રી સોમનાથ તીર્થ ક્ષેત્રમાં યોજાયેલા દ્વિતિય દ્વાદશ જયોતિર્લિંગ સમારોહ ૨૦૧૯નો. તારીખ ૨૩ થી ૨૫ ફેબ્રુઆરી ત્રણ દિવસ દરમિયાન યોજાયેલ આ ઉત્સવમાં અનેકવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

સમગ્ર આયોજનનો મુખ્ય ઉદ્દેશ વિશ્વસ્તર પર દ્વાદશ જયોતિર્લિંગના મહાત્મયને પ્રસારીત કરવાનો હતો. રાષ્ટ્ર ઉત્થાન હેતુ દ્વાદશ જયોતિર્લિંગ સંસ્થાનોની જવાબદારીઓ અને ભાગીદારીઓ સુનિશ્ચિત કરવા પ્રયાસ કરાયો હતો.

દ્વાદશ જયોતિર્લિંગ પૂજન, મહામૃત્યુંજય યજ્ઞ, ધ્વજા રોહણ, શોભાયાત્રા, શ્રી સોમનાથના ઈતિહાસને ઉજાગર કરતી ડોક્યુમેન્ટ્રીનું પ્રદર્શન, શ્રી સોમનાથ સુવર્ણાંક અર્પણ, સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, શ્રી સોમનાથ પોસ્ટ ફર્સ્ટ ડે વિમોચન, સંત સંમેલન, સન્માન સમારોહ, ત્રિવેણી સંગમ આરતી, વિવિધ વિષયો પરના પ્રવચનો અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું.

અહીં આવેલા મહેમાનોના એક ગૃપને સ્થાનિક સેવાભાવી કાર્યકર સોરઠની ધરતીનો પરિચય આપતો હતો અને કહેતો હતો કે, 'સિંહ, નરસિંહ અને સોમનાથની ભૂમિ તરીકે ઓળખાય છે, સોરઠ, સોરઠી, દુહા, સોરઠી પાઘડી, સોરઠી ઘોડી, સોરઠી બોલી અને સોરઠનું સત્ય વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. એટલે કે લોકબોલીમાં કહેવત છે કે સાચું સોરઠીયો ભણે.'

સોમનાથના આ દિવ્ય અને ભવ્ય મંદિરનું નિર્માણ ઈ.સ. ના ચોથા શતકમાં કરાયું હતું. સોમનાથ શ્રી પરશઉરામ અને કણાદ ઋષિથી લઈને પાશુપત સંપ્રદાય તથા સૂર્ય ઉપાસનાનું કેન્દ્ર રહ્યું છે. આદિશંકરાચાર્યે અહીં શરદામઠની સ્થાપના કરી છે.

કથા અનુસાર સોમ એટલે કે ચંદ્રએ અહીં પ્રજાપિતા દક્ષના શાપથી મુક્ત થવા માટે શિવજીને પ્રસન્ન કરવા તપશ્ચર્યા કરી હતી. શિવજી પ્રસન્ન થયા અને જયોતિર્લિંગ સ્વરુપમાં પ્રગટ થઈ ચંદ્ર ને શાપથી મુક્તિ આપી અને વરદાન રૂપે આ શિવલિંગ ચંદ્ર એટલે કે સોમનાથના નામે પ્રસિદ્ધ થયું.

ઈતિહાસ અને દંત કથાઓ પર નજર માંડીએ ત્યારે જણાય છે કે સોમનાથ મંદિર ચંદ્રએ બનાવ્યું એ પછી રાવણે ચાંદીની ધાતુથી મંદિર બંધાવ્યું એ પછી શ્રી કૃષ્ણએ લાકડાથી આ અને ભીમદેવે પથ્થરથી મંદિર બંધાવ્યું. અનેકવાર વિદેશી - વિધર્મીઓએ હુમલા કર્યા પણ સોમનાથ વધુ દૈદિપ્યમાન થયું.

સરદાર વલ્લભભાઈ પટેલના પ્રયત્નોથી સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર થયો અને ૧૧/૦૫/૧૯૫૧ ના દિવસે જયોતિર્લિંગની પ્રાણ પ્રતિષ્ઠા થઈ.

ગાયકો સૌમિલ અને આરતી મુનશીએ મંદિરના દર્શન કર્યા બાદ સહજ પણે કહ્યું કે જયારે જયારે સોમનાથના દર્શને આવવાનું થાય છે ત્યારે ત્યારે શિવજી પ્રત્યેનો અનુરાગ વધે છે. શિવમંત્રનું ઉચ્ચારણ ગાયન સમયે થાય ત્યારે એ પરમ આનંદની પ્રાપ્તિ કરાવનારું બની રહે છે.

નૃત્ય, ચિત્રકલા, લેખન, યોગ, ધ્યાન, સમાધિ જેવા અનેક કલા સ્વરુપો સાથે ભગવાન શિવ જોડાયેલા છે. એટલે કલાકારોનો શિવજી પ્રત્યેનો ભક્તિભાવ વિશેષ હોય એ સમજી શકાય છે.

સોમનાથ સાથે કૃષ્ણનો સંબંધ પણ અવિસ્મરણીય રહ્યો છે. બાજુમાં ભાલકા તીર્થમાં પારધીનું બાણ વાગ્યું છે અને પ્રભાસ ક્ષેત્રમાં ઈ.સ. પૂર્વે ૩૧૦૨, ચૈત્ર મહિનો, શુક્લ પક્ષ, પ્રતિપદા તિથિ, શુક્રવાર બપોપે ૨ કલાક ૨૭ મિનિટ અને ૩૦ સેકન્ડે યોગધારણા થકી હિરણ્ય કાંઠે નિજધાન પ્રસ્થાન કરી ગયેલા જગદ્ગુરુ શ્રીકૃષ્ણ માટેનો સ્નેહ આજે પણ સતત સંવર્ધિત થયો રહ્યો છે.

શિવ અને કૃષ્ણ બંનેની અનુભૂતિ કરાવતું આ તીર્થ સ્થાન સોમનાથ અને પ્રભાસ પાટણ ભક્તો માટે અવર્ણનીય આનંદ પ્રદાન કરાવનારા બની રહ્યા છે.

જયારે જયારે અહીં આવવાનું થાય છે ત્યારે ત્યારે શબ્દમાં જે અભિવ્યક્તિ થઈ ન શકે એવી અનુભૂતિના અજવાળા આસપાસ રેલાય છે...

યત્ર ગંગા ચ યમુના ચ યત્ર પ્રાચી સરસ્વતી।
યત્ર સોમેશ્વરો દેવ: તત્ર મામૃતં કૃધિ।
ઈન્દ્રાયેન્દો પરિસ્ત્રવ॥

# તમે ક્યારેક તો તમારી પ્રત્યે ઓછા ક્રૂર થાવ!



## વિચારયાત્રા

ડો. જય ઓઝા

**તમને લઈ જવા માટે**
**રસ્તો તો તૈયાર છે; પણ થાક્યા છો,**
**અહીં બેસો તો ખરા!**
**દોડ દોડ શું કર્યા કરો છો?**
**આવતીકાલની સલામતી માટે**
**આટલું બધું શું તરફડ્યા કરો છો?**
**થોડીકવાર તો આકાશ જુઓ**
**થોડીકવાર તો જુઓ ધરા**
**અહીં બેસો જરા**
**આકાશના કોઈ ટુકડાને**
**તમારી સાથે જીવવું છે,**
**રોજ રોજ તમારે જે આંગણે ઊગેલા ફુલને**
**તમને કૈંક કહેવું છે**
**તમે સ્હેજ પણ ઊભા રહેશો**
**અમસ્તા પણ મૂંગા રહેશો**
**તો તમારી જ ભીતર**
**રહેલા પંખીને ટહુકવું છે...**
**તમે થોડાક તો તમારા પ્રત્યે**
**ઓછા ક્રૂર થાવ**
**તમે દુનિયાદારીથી થોડાક તો દૂર થાવ**
**ખાતરી આપું છું.**
**કે તમને લઈ જવા માટે**
**રસ્તો તો તૈયાર છે; પણ થાક્યા છો -**
**તો અહીં બેસો તો જરા.**

**- સુરેશ દલાલ**

વિખ્યાત કવિ ઓડેને આજના યુગને ચિંતાના યુગ (Age of Anxiety) તરીકે ઓળખાવ્યો છે, અને ચિંતાની ગંગોત્રી આપણું મન છે...

રોજ બરોજની આપણી દિન-ચર્યા કે પછી દીન ચર્યાનું જો આપણે વિશ્લેષણ કરીશું તો સમજાશે કે આપણે ખરેખર થોડુંક મેળવી લેવાની લ્હાયમાં ઘણું ગુમાવતા જઈએ છીએ... અલબત્ત શું ગુમાવી રહ્યા છીએ તેનું બ્રહ્મજ્ઞાન ઘણું મોડું થાય છે... અથવા તો કદાચ ઘણા વિરલા આ જ્ઞાન સાથે જીવતા હોય છે, પરંતુ તેને પચાવીને જીવવામાં માનતા નથી.

આવતીકાલની સલામતી, ભવિષ્યને સલામત કરવા માટે આપણે આપણી આજ વેડફતા તો નથી ને! રોજે રોજનું કામ કરીને રોજની કમાણી મેળવીને ખુશ રહેતા દાડીયા કરતા આપણે વધુ ચિંતિત શા માટે રહીએ છીએ?

આજે રવિવારે આ લેખ લખું છું ત્યારે આવું ડહાપણ લાધ્યું તેનું એક કારણ છે... કે રવિવારની સવાર એક સોનેરી પ્રસન્નતા લઈને ચાલી આવે છે. ઓફિસે નથી જવાનું આ હકીકત એ પ્રસન્નતાનાં મૂળમાં હોય છે. પ્રસન્નતાની આવી ક્ષણોમાં હીંચકે બેસીને ઠંડી માણવાની મજા પડે છે, છ-છ દિવસ શરીર અને મનનો કચ્ચરઘાણ વાળ્યા પછી નોકરિયાત માણસને બસ એક મજાની રવિવારની સવાર મહેનતાણામાં મળે છે...

સવારે નિરાંતે ઊઠીએ અને સૂર્યોદય જોઈએ.

પક્ષીઓની ચહલપહલ ટહુકાઓ સાંભળીએ... ધરતીની ઠંડક મહેસસૂ કરીએ, આંગણાના ફુલ-છોડ પર આવતા દરજીડાની રમત માણીએ.... ત્યારે વિચાર આવે છે, આ બધું તો રોજ થતું હશે... આ સુંદરતા રોજ આપણી સમક્ષ વિખરાયેલી પડી હોય છે... પરંતુ દુનિયાદારીની દોડમાં ખોવાયેલા આપણે આ બધા તરફ નજરસુધ્ધાં નથી માંડતા... જાણે રેસકોર્સના ઘોડાની બંને આંખોની આજુબાજુ પટ્ટા બાંધ્યા હોય છે, તેમ તેને માત્ર ફિનિશિંગ લાઈન જ દેખાય છે, સવારની લગામ ખેંચાય એટલે ભાગવાનું અને આજુબાજુ નજર કર્યા વગર બસ દોડે રાખવાનું...

આપણું પણ કાંઈક આવું જ છે ને ! અઢળક કુદરતી સૌંદર્યને તરછોડીને આપણે વ્યવહારુ શિષ્ટતા પૂરી કરવાના ઓરતા સેવીએ છીએ અને કદાચ કોઈ પ્રકૃતિ પ્રેમી બનવાનો ડોળ કરતા હોય તો તેઓ દેખાવ પૂરતા જોગિંગ કરવા નીકળશે. રૂટિન પતાવવાની રીતે માત્ર દેખાવ ખાતર મોર્નિંગ વૉક કે ઈવનીંગ વૉક કરવા નીકળતા મહાનુભાવોની પણ સમાજમાં ખોટ નથી.

અરે ! એવા પણ અનુભવો સાંભળ્યા છે કે... આપણા જોગર્સ પાર્કમાં ટહેલવા માટે સવારે કાર લઈને 'પુનિત વન'માં કિલોમીટરો દૂરથી આવવાનું અને પછી શોં ખાતર શેખી મારવા માટે ટહેલવાનું...

આ બધામાં પેલા દરજીડાની રમત અથવા તો કાબરની કલકલ કયારેય માણી શકાતી નથી.

મોટે ભાગે આપણું આયખું બીજાની માટે અને દેખાવ માટે પૂરું કરી નાખીએ છીએ... આપણું મન ખિસકોલી જેવું ચંચળ છે...

ખિસકોલીને એકાદ રવિવારે ફુરસદમાં નિહાળજો... ખિસકોલીના મનની વાત જાણવી મુશ્કેલ હોય છે... મોઢામાં ચીથરું લઈને ઝાડ ઉપર અને નીચે એ ફર્યા કરે છે... ઝાડ ઉપર ચડ્યા પછી મોઢામાં જે ડૂચો હોય તે નીચે પડી જાય અને તે ફરી પાછી મૂંઝાતી મૂંઝાતી નીચે ઉતરે વળી પાછો ડૂચો લઈને તે ઉપર ચડે છે...

જે માણસ પાસે ઘણો સામાન હોય તેનું સમાજમાં 'વજન' પડે છે. જેમ 'વજન' વધારે તેમ માણસનું 'સ્ટેટ્સ' વધારે. સ્ટેટ્સ વગરના માણસો પાસે હળવાશ હોય છે. હળવાશ અને સ્ટેટ્સને બારમો ચંદ્રમા હોય છે. ડૂચો જેટલો મોટો તેમ માનપાન વધારે...

આપણામાંના દરેકની અંદર સરળ અને શાંતિ ઝખતું વ્યક્તિત્વ રહેલું છે... ઘડિયાળના કાંટે દોડતા અને દુનિયાદારી નિભાવતા નિભાવતા ત્રસ્ત થઈને ઘણીવાર આપણો માહ્યલો બંડ પોકારે છે કે - હે માનવ! તું જરાક તો થોભ... થાક ખા.... જરાક નિરાંત જીવે બેસ... ખિસકોલીની માફક દોડાદોડ રહેવા દે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# દીપાલી બા ૨૨ મિનિટ સુધી યમદ્વાર ખખડાવીને પાછા આવ્યા



## આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

જિંદાદિલ દાદા-દાદીની વાત છે. દીપાલી બા અને દેવાંશ દાદા એમનું નામ. શહેરના પોશ વિસ્તારમાં એમનો સરસ બંગલો છે. લક્ષ્મીજીની એમના પરિવાર ઉપર અસીમ કૃપા રહી છે. એમની એકની એક લાડકી દીકરીના બા-દાદાએ ધામધૂમપૂર્વક થોડા સમય પહેલા લગ્ન કરાવ્યા હતા. આ દીકરી લગ્ન પછી એના પતિ સાથે કેનેડામાં સેટલ થઈ છે. દીકરીના ઘરે પણ પાંચેક વર્ષની ફૂલ જેવી મજાની દીકરી કિલ્લોલ કરે છે. દિપાલી બા અને દેવાંશ દાદાનો સ્વભાવ પહેલેથી જ આનંદી અને મોજીલો. પાંસઠ સિત્તેર વર્ષે પણ બન્ને જણા મોજથી રહે. નાટકો, ફિલ્મો જોવા જાય. સારા માઠા પ્રસંગે બા-દાદાની હાજરી દરેકના પ્રસંગને ઉજાળે.

એમની આનંદ કિલ્લોલ કરતી જીંદગીમાં અચાનક એક ભયાનક ટર્નિંગ પોઈન્ટ આવ્યો. થોડા દિવસો પહેલા ૬૫ વર્ષના દીપાલી બાને સવારે ચા પીતી વખતે થોડી બેચેની લાગવા લાગી. ચા સાથે ખાખરો ખાતા હતા તે ગળાની નીચે ઉતરતો ન હતો. એમણે દેવાંશ દાદાને કહ્યું, 'મને મજા નથી પડતી.' દેવાંશ દાદા એક મલ્ટિનેશનલ કંપનીના જનરલ મેનેજર તરીકે સેવા નિવૃત્ત છે. શહેરમાં એમના સંપર્કો પણ સારા. એમણે તરત જ એમના પરિચિત એવા શહેરના પ્રતિષ્ઠિત ડૉક્ટર વ્યોમેશને ફોન કર્યો. ડૉક્ટર વ્યોમેશે ફોન ઉપર કહ્યું, 'જો ખાસ તકલીફ ન હોય અને રુટીન ચેક-અપ જ હોય તો કાલે જોઈ લઈએ. આજે પેશન્ટસનો મારો થોડો વધારે છે.' દેવાંશ દાદાએ કહ્યું, 'કઈ વાંધો નહીં. કાલે સવારે જ આવીશું.'



દરમિયાનમાં સાંજે દેવાંશ દાદાને દીપાલી બાની તબિયત બરાબર ન લાગતા એમણે ડૉક્ટર વ્યોમેશને ફરી ફોન કરીને કહ્યું, 'મને એમ લાગે છે કે, દિપાલીને મારે અત્યારે જ તમને બતાવવું જોઈએ.' ડોક્ટરે કહ્યું, 'ચાલો જોઈ લઈએ. તમે એમને મારા ક્લિનિક પર લાવી શકશો ?' દેવાંશ દાદાએ કહ્યું, 'તમારી હોસ્પિટલ મારા ઘરની નજીક જ છે. હું પાંચ-સાત મિનિટમાં જ દિપાલીને લઈને તમારા દવાખાને પહોંચું છું.'

સાંજે પાંચ સાડા પાંચનો સુમાર હશે. દેવાંશ દાદા દીપાલી બાને તેમની એક્સેન્ટ કારમાં લઈને ડૉક્ટર વ્યોમેશના દવાખાને પહોંચ્યા. ડોક્ટરે દીપાલી બાને સ્મિત સાથે આવકારીને અંદર ઈસીજી ટેબલ ઉપર સુઈ જવા જણાવ્યું. દીપાલી બા ઈસીજીના ટેબલ પર સુઈ ગયા અને આંખો મિચી દીધી. લાંબા સમયથી દીપાલી બાની ચિકિત્સા કરતાં ડૉક્ટર વ્યોમેશને એમની શારીરિક તકલીફોની બાકાયદા બધી જ ખબર હતી. ડાયાબિટીસ, બ્લડપ્રેશર, કોલેસ્ટરોલ, પારકિન્સન જેવી અનેક બીમારીઓ બાએ પાળી રાખેલી. ડૉક્ટરે રૂટિન ચેક-અપ મુજબ ઈસીજી લઈ લેવાની સિસ્ટરને સૂચના આપી.

સિસ્ટરે ઈસીજી લેવાનું કામ શરૂ કર્યું એની બે પાંચ સેકન્ડમાં જ મોનિટર પર સીધી લીટી દેખાવા લાગી. દીપાલી બા દુનિયા છોડીને ચાલી નીકળ્યા હતા. લગભગ ચીસ કહી શકાય એવા સ્વરમાં સિસ્ટરે ડોક્ટરને બોલાવ્યા. ડૉક્ટર વ્યોમેશ એમની રિવોલ્વિંગ ચેરમાંથી કૂદકો મારીને પળનો પણ વિલંબ કર્યા વગર દીપાલી બાની છાતી ઉપર બે હાથના દબાણ આપી પંપીંગ કરવા લાગ્યા. ઈસીજી ટેબલની બાજુમાં ઊભેલા દેવાંશ દાદા એક સેકન્ડમાં આખી પરિસ્થિતિ પામી ગયા. આ પરિસ્થિતિને જોઈને એમના ગળે ડૂમો બાઝી ગયો. એમણે ડોક્ટરને કહ્યું, 'ગમે તે કરો પણ દિપાલીને જવા ન દેશો પ્લીઝ...' ડૉક્ટર વ્યોમેશે કહ્યું, 'દેવાંશભાઈ હિંમત રાખો, આપણે પ્રયાસ કરીએ પણ પરિણામ તો ઈશ્વરના હાથમાં જ છે.'

ડોક્ટરે એમના બે મેલ નર્સ અને એક સિસ્ટરને દીપાલી બાની છાતી ઉપર એક પણ સેકંડ રોકાયા વગર પંપીંગ કરતા રહેવાની સૂચના આપી. લગભગ ૨૨ મિનિટ સુધી સતત પંપીંગ બાદ દીપાલી બાના નિશ્ચેતન શરીરમાં થોડો સંચાર દેખાયો. એમની નસોમાં રક્ત પુન: વહેવા લાગ્યું. હૃદય ફરી ધબકવાનુ શરૂ થયું. પણ આ ૨૨ મિનિટ દેવાંશ દાદાને ૨૨ ભવ જેવી લાગી. ૨૨ મિનિટની પ્રત્યેક પળ દેવાંશ દાદાની આંખો સામે દિપાલી સાથે જીવેલી એક એક પળ ચિત્રપટની જેમ પસાર થતી હતી. હવે થોડો સમય મળતા ડોક્ટર વ્યોમેશે એમની હોસ્પિટલમાં પર્યાપ્ત સાધનો ન હોવાથી દિપાલી બાને વેલ ઈક્વિપ્ટ મોટી હોસ્પિટલમાં ખસેડવાનો નિર્ણય લીધો. તરત જ દિપાલી બા માટે એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી. ઓક્સિજનના બાટલા અને પંપીંગની પ્રક્રિયા સાથે એમને મોટી હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યાં. હોસ્પિટલના આઈસીયુ યુનિટમાં એમને દાખલ કરાયા.

બરાબર ૭૨ કલાક પછી લાઈફ સેવિંગ સિસ્ટમના સહારે દિપાલી બાએ આંખો ખોલી. પણ કરમની કઠણાઈ એવી કે, હોસ્પિટલમાં જ એમને સ્વાઈન ફ્લૂની અસર ડિટેક્ટ થઈ. એક તકલીફમાંથી થોડા ઘણા રીકવર થયા અને બીજી વિકરાળ મુશ્કેલીએ દિપાલી બાનો ભરડો લઈ લીધો. દેવાંશ દાદા અને ભાઈ ભાંડુઓ તો સતત ભગવાનને પ્રાર્થના કરતા આઈસીયુની બહાર બેસી રહ્યાં. સગા વહાલા તો બદલાતા રહે પણ દેવાંશ દાદા સાત-સાત દિવસ સુધી સતત હોસ્પિટલની બહાર મટકું માર્યા વગર દિપાલી બા આઈસીયુની બહાર આવે એની પ્રતીક્ષા કરતા બેસી રહ્યા. હોસ્પિટલમાં આવતા સગા વ્હાલાઓ દેવાંશ દાદાને ભોજન લેવાનું કહે ત્યારે એ ભીની આંખે કહેતા, 'હવે તો જ્યારે દિપાલી જમશે પછી જ મારા ગળા નીચે કોળીયો ઉતરશે.' હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા દિપાલી બા આજે તો સાજા-નરવા ઘરે પાછા ફર્યા છે. દેવાંશ દાદાનો હર્ષ સાતમે આસમાને છે.

આ વાતને બે-ત્રણ મહિનાનો સમય થઈ ગયો છે. હવે દીપાલી બા સવારે પૂજાપાઠ કરે છે, મિત્રો અને સગાં-વહાલાંઓના પ્રસંગોમાં જાય છે, મોજ-મસ્તીથી હરે ફરે છે અને ગીતો ગાય છે. દીપાલી બા હસતા હસતા કહે છે કે, 'આ તો મારો બીજો જન્મ છે અને એ રીતે જોવા જઈએ તો હું બે-ત્રણ મહિના નાની બાળકી છું.' આમ કહી એ ખૂબ હસે છે. મજાક મસ્તી કરે છે. જીવનને ભરપૂર રીતે માણે છે.

આ બની ગયેલી એક સત્ય ઘટના છે. માત્ર નામ અને સ્થળ બદલ્યાં છે. સાવિત્રી જેમ સત્યવાનને યમના હાથમાંથી છોડાવી ધરતી પર પાછી લાવી હતી એમ આજના યુગના દેવાંશરૂપી સત્યવાને સાવિત્રીરૂપી દીપાલીને યમના દ્વારેથી પાછી ધરતી ઉપર લાવી છે. સમાજમાં શારીરિક અને માનસિક તકલીફો ઘેર ઘેર જોવા મળે છે. દિપાલી બાની જેમ 'ગીવ મી સન શાઈન ગીવ મી સમ રેઈન' ગાવાથી તકલીફો કદાચ દૂર ન પણ થાય, પરંતુ તકલીફો નાની ચોક્કસ બની જતી હોય છે. દુ:ખમાં જીવનનું સૌંદર્ય જોવા માટે અંતરમનની આંખોનું તેજ જોઈએ. ધીરજ અને વિશ્વાસના બે મજબૂત બાજુબંધ ફેલાવવાથી દુ:ખના દહાડા ટૂંકા થઈ જતાં હોય છે.

ઉમરનો આંકડો તો વધ્યા જ કરશે. એની સાથે શરીર પણ ક્ષીણ થતું જશે. પરંતુ અનુભવ અને જ્ઞાન વધુ બુલંદી પર ચોક્કસ પહોંચશે. અનુભવે જે ઘડાય છે એ વૃદ્ધ નહીં પ્રભુધ્ધ હોય છે. અલીડા વિક્ટોરીયા નામની ૧૨૨ વર્ષના અમેરિકન માજી આજે પણ ચોકલેટો ખાય છે અને રોજ પાના રમીને ખુશ રહે છે. માયથોનિયાગ્રેવિસ નામની બીમારીથી પીડાતા અને એક ફિલ્મના શૂટિંગ વેળા ઘવાયેલા મૃત્યુલોક સુધી જઈને આવેલા ૭૫ વર્ષના અમિતાભ બચ્ચનને કેન્દ્રમાં રાખીને આજે પણ ફિલ્મની સ્ક્રીપ્ટ લખાય છે. જીવનમાં ક્યારેય ડ્રોઈંગ ન કરેલુ એવા ગ્રાન્ડમ્મા મોઝેસે ૭૪ વર્ષે કેનવાસ અને પીંછે પકડીને ચિત્રકામની શરૂઆત કરી.

જીવનનો કોઈ પણ તબક્કો અંતિમ તબક્કો સમજવાની ભૂલ ક્યારેય ન કરાય. કોઈ પણ સમયે કશુંક નવું કરવાની ધગશ જીવન જીવવાનું અનોખું બળ બની જતું હોય છે. રોજ નવા નવા લોકોને મળવાથી નવતર ઊર્જા મળતી હોય છે. ઉમર ભલે વધે પણ 'ઉંમર વધે એટલે આમ જ થાય' એવા ખયાલમાંથી બહાર આવીને જોવામાં આવે તો સમજ પડે કે, જીવન કેટલું આનંદથી ભરેલું છે. જીવનની સાંજ ઢળવા લાગી છે, એમ વિચારીને દુ:ખી થવા કરતા જીવનની સાંજના અદભુત સૌન્દર્યને માણવાની મજા પડે તો જ જીવનના સુધી જીવવાની મજા પડે. મૃત્યુ પહેલા મરવા કરતાં મરતા સુધી જીવનારા લોકોની જીંદાદિલી જીવનને માણી શકે છે.

**ધબકાર :**

**જીવન પ્રતિપળ બદલાતું હોય છે,**
**પ્રત્યેક પળનું અલગ સૌંદર્ય અને અલગ આનંદ હોય છે.**